સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો તથા
આર્થિક રીતે પછાત વર્ગો માટે શહેરી વિસ્તાર-
માં રહેણાંકના મકાનો માટે.......

ગુજરાત સરકાર,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ બકર-૧૫૭૯-૨૦૮૭૨-હ,
સચિવાલય, ગાંધીનગર.
તા. ૧૫-૧૦-૧૯૭૯

વંચાણમાં લીધા :- ૧. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો
ઠરાવ ક્રમાંકઃ બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-હ

૨. મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગનો
તા.૧-૧૨-૭૮ નો ઠરાવ ક્રમાંકઃ બકર-૧૫૭૮-૬૭૭૫૦-હ

૩. સચિવશ્રી, ગુજરાત પછાતવર્ગ બોર્ડ, ગાંધીનગરનો
તા.૨૧-૧૨-૭૮ નો પત્ર નં. પવબ-યજન-૩૧-૩૫૪-૭૮

ઠ રા વ : :-

બક્ષીપંચે સૂચવેલ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગોને વિવિધ લાભો/ રાહતો આપવાનું મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તા.૧-૪-૭૮ ના ઠરાવ ક્રમાંકઃ બીસીઆર-૧૦૭૮-૧૩૭૩૪-હ થી ઠરાવવામાં આવેલ છે, બક્ષીપંચની ભલામણો પૈકીની અનામત જગ્યાઓ સિવાયની બાકીની બધી ભલામણોનો લાભ કેટલાંક આર્થિક રીતે પછાત વર્ગોને આપવાનું પણ સરકારે નક્કી કર્યું છે.

૨. કાળજીપૂર્વક વિચારણા કર્યા બાદ સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગો માટે શહેરી વિસ્તારમાં રહેણાંકના મકાનો બનાવવા ગુજરાત સ્લમ ક્લીયરન્સ બોર્ડને રૂા. ૫,૦૦૦/- સુધીની કિંમતની ૧૬ ચો. મીટરના ૧૦૦૦ મકાનો બનાવવા માટે સહાય દરેક મકાન દીઠ

રૂ. ૮૦૦/- લેખે રૂ. ૮/- લાખ આપવાનું અને ગુજરાત હાઉસીંગ બોર્ડને રૂ. ૮૦૦૦ થી રૂ. ૧૫૦૦૦/- સુધીની કિંમતના ૧૭૭૫ મકાનો બનાવવા માટે સહાય રૂ. ૮૦૦/- લેખે રૂ. ૧૪ લાખ આપવાનુ આથી સરકારે નિર્ધાર્યું છે. આ યોજના માટે સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે રૂ. ૧૧/- લાખ અને આર્થિક રીતે પછાત વર્ગો માટે રૂ. ૧૧ લાખ એને કુલ રૂ.૨૨ લાખ ( અંકે રુપિયા બાવીસ લાખ પુરા) ના ખર્ચની આથી મંજુરી આપવામાં આવે છે.

૩. આ યોજનાના ખર્ચની વિગતો નીચે મુજબ રહેશે :-

(અ) ગુજરાત સ્લમ કલીયરન્સ બોર્ડ હસ્તકના ખર્ચની વિગત :-

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

~~૧. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગો માટે~~ ૫૦૦ મકાનો X રૂ. ૮૦૦-
સહાય રૂ. ૪,૦૦,૦૦૦/-

૨. આર્થિક રીતે પછાત વર્ગો માટે
૫૦૦ મકાનો X રૂ. ૮૦૦- સહાય રૂ. ૪,૦૮,૦૦૦

- - - - - - - - - - - - - - - - - - - - -

કુલ મકાનો ૧૦૦૦ X રૂ. ૮૦૦ - રૂ.૮,૦૦,૦૦૦/-

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

(બ) <u>ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તકના ખર્ચની વિગત :-</u>

૧. સા. અને શૈ. રીતે પછાત વર્ગો માટે
૮૭૫ મકાનો X રૂ. ૮૦૦ - સહાય રૂ. ૭,૦૦,૦૦૦

૨. આર્થિક રીતે પછાત વર્ગો માટે ૮૭૫ મકાનો રૂ.
૫૦૦ X રૂ.૮૦૦ સહાય - રૂ. ૭,૦૦,૦૦૦

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

કુલ મકાનો ૧૭૫૦ X રૂ. ૮૦૦સહાય રૂ. ૧૪,૦૦,૦૦૦

૧. ગુજરાત સ્લીમ કલીયરન્સ બોર્ડ હસ્તક :-
૧૦૦૦મકાનો X રૂ. ૮૦૦ - સહાય રૂ. ૮,૦૮,૦૦૦

- - - -   - - - - - - - -

૨. ગુજરાત હાઉસીંગ બોર્ડ હસ્તક :-

૧૭૫૦ મકાનો x રુા. ૮૦૦/- સહાય રુા. ૧૪,૦૦,૦૦૦

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

કુલ મકાનો ૨૭૫૦ x રુા. ૮૦૦/- સહાય રુા. ૨૨,૦૦,૦૦૦

- - - - - - - - - - - - - - - - - - - - - - - - - -

૪. આ યોજનાની અન્ય વિગતો નીચે મુજબ રહેશે.

સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો તથા આર્થિક રીતે પછાત વર્ગોના ( જેની વ્યાખ્યા આ વિભાગના તા. ૧-૪-૭૮ ના ઠરાવ ક્રમાંક: બીસીઆર-૧૦૭૮-૧૩૭૭૪-છ માં આપેલી છે.) જે કુટુંબોની બધા સાધનોમાંથી થતી કુલ માસીકઆવક રુા. ૩૫૦/- થી વધુ નહીં હોય એવા કુટુંબોને આ યોજનાનો લાભ મળી શકશે. તેઓ જો મકાન માટે સ્લમ કલીયરન્સ બોર્ડ, અમદાવાદ કે ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદને એ બોર્ડના ધારા ધોરણ અને નીતિ નિયમો પ્રમાણે અરજી કરે અને તેને જો માન્ય કરવામાં આવે તો ફંડની મર્યાદામાં રહીને, ગુણદોષ પ્રમાણે મકાન દીઠ રુા. ૮૦૦/- ની માફી સહાયની રકમ, જે તે અરજદારના નામે જે તે બોર્ડમાં જમા કરવાની રહેશે. આ રકમ મળવાથી આ નબળા વર્ગોને એટલી રકમ લોનમાં ઓછી ભરવાની થશે. અને એટલું વ્યાજ પણ ઓછું ભરવાનું થશે. આ યોજના માટે સ્લમ કલીયરન્સ બોર્ડને ૧૦૦૦ મકાનો બનાવવા માટે રુા. ૮,૦૦,૦૦૦ અને ગુજરાત હાઉસીંગ બોર્ડને ૧૭૫૦ મકાનો બનાવવા માટે રુા. ૧૪,૦૦,૦૦૦/- સમાજ કલ્યાણ ખાતાતરફથી અગાઉથી ચુકવવામાં આવશે.

૫. સામાજીક અનેશૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેનો આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ''૨૮૮-સામાજીક સુરક્ષા અને કલ્યાણ-ચ- બીજા સામાજીક-

સુરક્ષા અને કલ્યાણ- કાર્યક્રમ (૨૦) બીસીકે-૧૩૮-સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત-વર્ગોની સહકારી મંડળીઓ'' અને આર્થિક રીતે પછાત વર્ગો માટેનો આ અંગેનો ખર્ચ અંદાજપત્રના સદર ''૨૮૮- સામાજિક સુરક્ષા અને કલ્યાણ (અ) બીજા સામાજિક સુરક્ષા અને કલ્યાણ કાર્યક્રમ - (૪૦) ... ....................

... ૪...

બીસી કે-૧૩૮- ગૃહનિર્માણ આર્થિક રીતે પછાત વર્ગોની મંડળીઓને નાણાંકીય વર્ષ દરમ્યાન કરવામાં આવેલી જોગવાઇમાંથી મેળવવાની રહેશે.

૬. આ યોજનાનો અમલ સમાજ કલ્યાણ અધિકારીઓ( રાજ્ય) મારફતે થશે. આ યોજનાનો લાભ લેવા ઇચ્છતા લાભાર્થીઓની યાદી સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદે તૈયાર કરવાની રહેશે. સ્લમ ક્લીયરન્સ બોર્ડ, અમદાવાદને અને ગુજરાત હાઉસીંગ બોર્ડ અમદાવાદને તેમની માગણી અને જરુરીયાત મુજબ, મકાન દીઠ રુા. ૮૦૦/- ની સહાય સમાજ કલ્યાણ નિયામકશ્રીએ અગાઉથી ચુકવવાની રહેશે. ૧૯૭૯-૮૦ ના વર્ષ દરમ્યાન આ યોજનાનો અમલ કરવા અને તે અંગે બહોળી પ્રસિદ્ધી કરવા માટે જરુરી તમામ પગલાં સમાજ કલ્યાણ નિયામકશ્રીએ તાત્કાલિક લેવાં.

૭. આ ઠરાવ આ વિભાગની ફાઇલ ઉપર પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તા. ૯-૩-૭૯ ની અને નાણાંકીય સલાહકારશ્રીની સંમતીથી બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. એમ. દિવાન,
નાયબ સચિવ,
મજુર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગ,

પ્રતિ,
રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગાંધીનગર.

..૫..

મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી,

સમાજ કલ્યાણ મંત્રીશ્રી( રાજ્યકક્ષાના) અંગત સચિવશ્રી
( વધારાની પાંચ નકલ સાથે)

નાયબ મંત્રીશ્રી, સમાજ કલ્યાણના અંગત સચિવશ્રી( વધારાની પાંચ નકલ)

પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગ-ખ-ર શાખા,
( વધારાની પાંચ નકલો સાથે)

સચિવાલયના અન્ય વિભાગો

મહાલેખાધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ

પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.

સ્થાનીક તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ/ ગાંધીનગર.

વિભાગીય નિયામકશ્રી, પછાત વર્ગ કલ્યાણ-૮, મીલઅધિકારીઓની કોલોની,
આશ્રમરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૯

સમાજ કલ્યાણ નિયામકશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ
( વધારાની પાંચ નકલો સાથે)

સચિવશ્રી, સ્લમ કલીયરન્સ બોર્ડ, અમદાવાદ( વધારાની પાંચ નકલો સાથે)

સચિવશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, અમદાવાદ( વધારાની પાંચ નકલો સાથે)

સચિવશ્રી, ગુજરાત પછાત વર્ગ બોર્ડ, ગુજરાત રાજ્ય,
સેક્ટર નં. ૧૯-, પાટનગર યોજના ભવન, ગાંધીનગર( વધારાની પાંચ નકલોસાથે)

બધા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ( રાજ્ય અને પંચાયત)

બધા મદદનીશ સમાજ કલ્યાણ અધિકારીઓ( રાજ્ય)

ર્વે જીલ્લાકલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ

યોજના વહીવટદાર( આદિવાસી વિસ્તાર પેટા યોજના) ના તાબા હેઠળના

નાણાં શાખા, સ.ક. અને આ.વિ.વિભાગ

સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની અન્ય શાખાઓ

માહિતી નિયામકશ્રી, ગાંધીનગર આ અંગે અખબારી યાદી બહાર પાડવા બહોળી પ્રસિદ્ધિ કરવા અર્થે

વિશિષ્ટ ફાઇલ -હ શાખા

----------------

X પત્ર ઉતારા

શા૭/૫૭/૨૬.